મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૮૮ ટકા

ગાંધીનગર તાપમાન

ગિફ્ટસિટી સામે એ-વન ફાર્મમાંથી દારૂની મહેફિલ માણતા ૧૬ ઝડપાયા

લીંબડીયા રહેતા કારખાના માલિકે બર્થ ડે પાર્ટી આપી અને એસઓજી એ રંગમાં ભંગ પાડ્યો : ટલ્લી થઈ ગયેલા તમામ ૧૬ આરોપીની ધરપકડ કરીને પોલીસે દારૂ-બિયરની બોટલો તથા કાર જપ્ત કરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરને અડીને આવેલા ગીફ્ટ સીટી સામે જેઠીપુરા ગામની સીમમાં આવેલા એક ફાર્મમાં ચાલી રહેલી બર્થ-ડે પાર્ટીમાં દારૂ બિયરની મહેફિલ જામી હોવાની બાતમી ગાંધીનગર એસઓજીની ટીમને મળતા એસ.ઓ.જી.એ ગઇ રાત્રે દરોડો પાડી ફાર્મમાંથી ચિક્કાર દારૂ ઢીંચીને બર્થ ડે પાર્ટી ની મોજ માણી રહેલા એક યજમાન સહિત ૧૬ મહેમાનોની ધરપકડ કરી લઈ સ્થળ પર કારમાં મૂકેલી વિદેશી દારૂ બિયરની બોટલો તથા કાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લીંબડીયા ગામના જે વ્યક્તિની બર્થડે પાર્ટી હતી તે એક કારખાનાનો માલિક હોવાનું પોલીસ પુછપરછમાં ખુલ્યું છે. ગાંધીનગર એસઓજીની ટીમે ધોરણસરની કાર્યવાહી કરી તમામ સામે ગુનો દાખલ કરી આરોપીઓ ડભોડા પોલીસને સોંપી દીધા છે.

પ્રાપ્ત વિગત મુજબ ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામમાં રહેતા હિતેન્દ્ર કનુભાઈ પટેલ કારખાના માલિક છે અને ગઈ કાલે હિતેન્દ્ર પટેલનો જન્મદિવસ હતો. હિતેન્દ્ર પટેલે તેના ૪૦ મા જન્મ દિવસે ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું અને ગીફ્ટ સીટી સામે આવેલા તેમના મિત્રના એ-વન ફાર્મમાં પાર્ટી ગોઠવી હતી. હિતેન્દ્ર પટેલે તેના સગા સંબંધીઓ તથા મિત્રોને આ પાર્ટી માટે ઇન્વાઇટ કર્યા હતા. ૪૦ માં જન્મદિવસની ઉજવણી માટે હિતેન્દ્ર પટેલે જ્યારે બધા મિત્રો વર્તુળને અને સગા-સંબંધીઓને ઇન્વાઇટ કર્યા ત્યારે ફોન પર જ ઊત્સાહમાં કહેતો હતો કે આ પાર્ટી યાદગાર બનાવવી છે. અને તેણે ફાર્મમાં કેટરિંગનો ઓર્ડર પણ સ્પે. મેન્યુ સાથે આપ્યો હતો. એક તરફ જમવાની સગા-સંબંધીઓની પાર્ટી ચાલતી હતી તો બીજી તરફ કેટલાક મિત્રો માટે દારૂ-બિયરની પાર્ટી ચાલતી હતી. ગાંધીનગર એસઓજી પીઆઇ પરેશ સોલંકીની ટીમના પી.એસ.આઈ જે.આર કરોતરા અને બી એમ પટેલને આ બર્થ-ડે પાર્ટી મામલે બાતમી મળતા એસઓજીની ટીમે ફાર્મ પર રંગમાં ભંગ પાડ્યો હતો અને દરોડો પાડીને બર્થડે પાર્ટી ના યજમાન સહિત ૧૬ મહેમાનોની ટલ્લી હાલતમાં ધરપકડ કરી લીધી છે. બર્થડે બોય હિતેન્દ્ર કનુભાઈ પટેલ ઉપરાંત તેમના મિત્રો લીંબડીયાના કિરીટ મુકેશ પટેલ, મનીષ ભરત પટેલ, બાબુ સોમા પટેલ, જયેશ ભીખા પટેલ, નવનીત રામભાઈ પટેલ, યોગેશ રશીકભાઈ પટેલ, ગાંધીનગરના ઈસનપુર ગામના અશોક પ્રભુદાસ પટેલ, પ્રકાશ મહેશ પટેલ અને ચહેરાજી સેધાજી ઠાકોર ઉપરાંત નાના ચિલોડા પાર્થ બંગ્લોઝમાં રહેતા જીત અશોકભાઈ બારોટ, નાના ચિલોડા સાગર ટેનામેન્ટમાં રહેતા રજત જનકકુમાર રાવલ, પ્રાંતીયા ગામના રાજેશ રસીકભાઈ પટેલ, રતનપુર ગામના કાળુસિંહ પ્રતાપસિંહ બિહોલા અને વિરેન્દ્રસિંહ ઉર્ફે લાલસિંહ દિલીપસિંહ બિહોલા અને દહેગામ તાલુકાના સાણોદ નવો વાસમાં રહેતા પીન્ટુ બબાજી પરમાર (ઠાકોર) મળીને ૧૬ શખ્સોને વિદેશી દારૂ-બિયરની મહેફિલ મારતા રંગે હાથ પકડી પાડવામાં આવ્યા છે. એસઓજીની ટીમે ૧૬ આરોપીની ધરપકડ કરી સ્થળ પરથી આઈ-૨૦ કાર તથા કારમાં પડેલી ચાર બોટલ બ્લેન્ડર્સ પ્રાઈડ વ્હિસ્કી, એક બિયરનું ટીન અને એક બીયર ની કાચની બોટલ સહિતનો મુદ્દામાલ ઉપરાંત ૧૨ નંગ મોબાઈલ અને ૨ સીલ તોડેલી વિદેશી દારૂની બોટલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મારી બર્થ ડે માં છેલ્લીવાર દારૂ પી લઉં પછી 'બંધ'

લીંબડીયાના હિતેન્દ્ર પટેલે ગઈકાલે તેના ૪૦મા જન્મદિવસ ની બર્થ ડે પાર્ટીનું આયોજન કર્યું હતું ત્યારે દરેક મિત્રોને ફોન કરીને તેણે કહ્યું હતું કે આ પાર્ટી યાદગાર પાર્ટી કરી દઈશું અને મારા ૪૦મા જન્મદિવસની આ ભવ્ય પાર્ટી બાદ દારૂ પીવાનું છોડી દેવું છે. મારી બર્થ ડે માં આ વખતે છેલ્લીવાર દારૂ પી લઉં પછી 'બંધ'.. હિતેન્દ્ર પટેલે મિત્રોને ફોન કરીને આ રીતે છેલ્લીવાર પાર્ટી કરવાની નેમ લીધી હતી અને આ છેલ્લી પાર્ટીમાં જ હિતેન્દ્ર પટેલ અને તેના તમામ મિત્રો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

વાતવાતમાં

● નાયબ માહિતી નિયામક હિરેન ભટ્ટે તેમનો ૫૩મો જન્મદિવસ ઓફિસમાં કાર્યરત રહી સાદગીથી વિતાવ્યો હતો. આ પ્રસંગે તેમને શુભેચ્છા આપવા આવનાર તમામ શુભેચ્છકોને ચોકલેટ ખવડાવી મ્હોં મીઠું કરાવ્યું હતું.

● પાટનગર યોજના ભવનમાં છેલ્લા ૧૮ માસથી ફિકસ પગારથી કાર્યરત એક ૨૨ વર્ષીય યુવતિ સંગીતા શિવાભાઈ ચૌધરીનું તેના પિતરાઈભાઈ સહિત એક માર્ગ અકસ્માતમાં તા. ૧૩મી જુલાઈ ના રોજ ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું. પાટનગર યોજના ભવનના સહકર્મીઓએ સાથે મળીને તેમના વતન દિયોદર પાસેના ચમનપુરા ગામે જઈ સદગતને શ્રધ્ધાંજલિ આપવા સાથે તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

કચ્છ મિત્ર મંડળ દ્વારા સ્નેહ મિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

શ્રી કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારંભનું આયોજન બ્રહ્માણી હોલ, ઘ-૬ કડી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રજ્ઞાબેન જોશીએ પ્રાર્થના અને સ્તુતિ વંદનાથી કરી હતી ત્યારબાદ વર્ષાબેન મહેતાએ સૌનું શાબ્દિક સ્વાગત કરીને સૌ કચ્છીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને મંડળના આગામી કાર્યક્રમોની જાણકારી આપી હતી. આ પ્રસંગે લચ્છુભાઈ બૌરાની પૌત્રી અવંતીએ 'રામ રતન ધન પાયો' ગીત રજૂ કર્યું હતું. કચ્છી મિત્ર મંડળના પ્રમુખ માવજીભાઈ રંગાણીએ પણ સૌ કચ્છીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી મંડળની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. તેમજ સૌ સભ્યોને મંડળમાં સક્રિય થઈ મિત્ર મંડળની પ્રવૃત્તિઓને વેગ આપવા જણાવ્યું હતું.

આ પ્રસંગે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુધીરભાઈ દેસાઈએ રસપ્રદ કાનૂની માહિતી આપી હતી. આભારવિધિ નિલેન્દુભાઈ વોરાએ કરી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન મહેતાએ કર્યું હતું.

સરકારી વિજ્ઞાન કોલેજ સે-૧૫ ખાતે એમ.એસ.સી.ની બેઠક વધારવા માટે એનએસયુઆઈ દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧૮

એમ.એસ.સી. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયાની અંદર ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર-૧૫માં એક પણ બેઠક બાકી રહેલ નથી એમ.એસ.સી.માં ૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓ એડમિશનથી વંચિત છે. એટલા માટે આજ રોજ ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર-૧૫ ખાતે એમ.એસ.સી.ની બેઠક વધારવા માટે એનએસયુઆઈ દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું આ કાર્યક્રમમાં એનએસયુઆઈના વિદ્યાર્થી નેતા નયન શ્રીમાળી, અજયસિંહ વાઘેલા, મિતેષસિંહ બિહોલા, વિજયસિંહ વાઘેલા, કુલદીપસિંહ બિહોલા, રાજપાલસિંહ ચાવડા, કિરીટસિંહ રાણા, શક્તિસિંહ રાઠોડ, દિવ્યરાજસિંહ, ઉત્કર્ષ અને ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

વડનગરા નાગર મંડળ દ્વારા ૨૯મીએ યોજાનાર અભિવ્યકિતમાં ભાગ લેવા જોગ

ગાંધીનગર, તા.૧૮

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા વડનગરા નાગર જ્ઞાતિજનોમાં રહેલી કલા અને કૌશલ્યને સ્ટેજ ઉપર લાવવા માટે અભિવ્યક્તિ કાર્યક્રમનું આયોજન તા. ૨૯/૦૭/૨૦૧૮, રવિવારના રોજ કરેલ છે. જેમાં સોલો/ગ્રૂપ ડાંસ, સોલો/ગ્રુપ સોંગ, ઈંસ્ટ્રુમેંટ વાદન, મીમીક્રિ, મોનો એક્ટ્રીંગ અને માઇમ જેવી વિવિધ કલાઓમાં ભાગ લેવા જ્ઞાતિજનોએ તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં નિયત કરેલ ફી ભરી કુ.મેધાવી ઓઝા (મો.નં. : ૯૯૨૫૮૮૪૭૩૪), ધ્યેય વસાવડા (મો.નં. : ૭૮૦૨૮૧૬૧૨૧) અથવા તથાગત મહેતા (મો.નં. : ૭૬૦૦૪૩૯૬૫૦) પાસે પોતાના નામ નોંધાવવાના રહેશે. વધુ માહિતિ માટે સંસ્થાના મંત્રી દિગંત ભાઈ ઓઝા (મો.નં : ૯૩૭૭૮૯૮૭૦૭) ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. આ સાથે અભિવ્યક્તિ કાર્યક્રમમાં ઉમળકાભેર ભાગ લેવા સંસ્થાના પ્રમુખ પ્રહરભાઇ અંજારીયાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ખાનગી એજન્સીને મેડીકલ કોલેજ તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૮

મેડીકલ કોલેજમાં ખાનગી એજન્સીમાં ફરજ બજાવતા ૬૦ જેટલા વર્ગ-૪ ના કર્મચારીઓની પગાર વધારાની માંગ નહીં સંતોષાતા કર્મચારીઓએ હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું. તેમજ અન્ય કર્મચારીઓને પણ છુટ્ટા કરવામાં આવ્યા હતા. જેથી કર્મચારીઓ પગાર વધારા તેમજ છુટા કરેલા કર્મચારીઓને નોકરી પર પરત લેવાની માંગ સાથે હડતાલ પાડી હતી. સમગ્ર મેડીકલ કોલેજ કેમ્પસ તેમજ તબિબિ હોસ્ટેલમાં સફાઈ ના થતા કોલેજ તંત્રએ ખાનગી એજન્સી સામે લાલ આંખ કરીને પહેલાની જેમ દંડનીય કાર્યાવાહી હાથ ધરી છે. જયારે ખાનગી એજન્સીના સંચાલકે તેઓની માંગણી સ્વીકારી ટુંક સમયમાં ઉકેલ આવી જશે તેમ જણાવતા કર્મચારીઓ બપોર બાદ હડતાલ સમેટીને કામે લાગી ગયા હતા.

પાટનગર મેડીકલ કોલેજ, તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલ તેમજ ઓડીટોરીયમ સહિતના સ્થળે સફાઈની જવાબદારી સંભાળતા વર્ગ-૪ના કર્મચારીઓને પોતાની માંગણી મુજબ રૂ.૨૫૦ લેખે પગાર ચુકવાયો ન હતો. પગાર વધારા અંગે પહેલા હડતાલ પાડી તે સમયે ખાનગી એજન્સીના સંચાલકે હૈયાધારણા આપી હતી. તેમ છતા વેતન નહીં ચુકવાતા કર્મચારીઓ ફરિયાદ કરવા છતા કેટલાક કર્મચારીઓને નોકરીમાંથી પાણીચું પકડાવી દીધું હતું. જેથી સફાઈ કામદારોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. સાથી કર્મચારીઓએ કાઢી મુકેલા કર્મચારીઓને નોકરી પર પરત લેવા અને પગાર વધારો આપવો તેને લઈને હડતાલ પાડી હતી. જેથી કોલેજ તંત્રએ વારંવારની હડતાલને પગલે ખાનગી એજન્સી સામે લાલ આંખ કરી છે. કોલેજ તંત્રએ ટેન્ડરની શરતનો ભંગ થવા બદલ કોલેજ તંત્રએ સફાઈ એજન્સીને નોટીસ ફટકારી રૂ.૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. જયારે કર્મચારીઓને પરત નોકરી પર લેતા અને રૂ.૨૫૦ મહેનતાણું આપવાની હૈયા ધારણા મળતા બપોર બાદ કર્મચારીઓએ હડતાલ સમેટીને કામે લાગી ગયા હતા.

સહયોગ સંકુલમાં પેન્શન ચુકવણા કચેરીનો સબ એકાઉન્ટન્ટ લાંચ લેતા ઝડપાયો

પેન્શન બંધાય તેની કાર્યવાહી કરવા સબ એકાઉન્ટન્ટે બે નિવૃત પોલીસ કર્મીઓ પાસે લાંચ માગી હતી : એસીબીએ છટકુ ગોઠવી સબ એકાઉન્ટન્ટને રૂ.૩૫૦૦ની લાંચ સ્વીકારતા પકડી પાડયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના પથિકાશ્રમ પાસે આવેલા સહયોગ સંકુલ ખાતેની પેન્શન ચુકવણા કચેરીમાં આજે ગાંધીનગર એસીબીની ટ્રેપ થવા પામી હતી. નિવૃત થયેલા બે પોલીસ કર્મચારીઓ પાસે પેન્શન બંધાય તે માટેની કાર્યવાહી ઝડપી કરવા માટે આ કચેરીમાં ફરજ બજાવતા સબ એકાઉન્ટન્ટે લાંચની માંગણી કરી હતી. ગાંધીનગર એસીબીને મળેલી આ ફરિયાદના આધારે આજે સવારે સહયોગ સંકુલ પાસે આવેલી સખીમંડળ ચા ની કેન્ટીન ખાતે એસીબીની ટીમે ટ્રેપ ગોઠવી રૂ.૩૫૦૦ની લાંચ સ્વીકારતા સબ એકાઉન્ટન્ટને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ જૂન મહિનામાં પોલીસ વિભાગમાંથી નિવૃત થયેલા બે પોલીસ કર્મચારીઓ પોતાને મળતા પેન્શન બંધાય તે માટે સંબંધિત કચેરી કચેરી ખાતે ધક્કા ખાવા લાગ્યા હતા. બંને નિવૃત્ત પોલીસ કર્મચારીઓને પેન્શન ચાલુ થાય તે માટે કાર્યવાહી કરવા તેમજ પેન્શન બંધાય તે માટે કામ પૂરું કરી આપવા માટે સહયોગ સંકુલ ખાતે આવેલી પેન્શન ચુકવણા કચેરીના વર્ગ-૩ના કર્મચારી સબ એકાઉન્ટન્ટ જીગ્નેશભાઈ ખોડીદાસ પરમારે લાંચ માગી હતી. એક પોલીસ કર્મચારી પાસેથી રૂ.૧૫૦૦ અને બીજા પાસેથી રૂ.૨૦૦૦ મળીને કુલ રૂ.૩૫૦૦ની લાંચની માગણી સબ એકાઉન્ટન્ટએ બંને નિવૃત પોલીસ કર્મચારીઓ પાસેથી કરી હતી. આ સંદર્ભે એક નિવૃત્ત પોલીસ કર્મચારીએ ગાંધીનગર એસીબીને ફરિયાદ કરતા ગાંધીનગર એસીબી પીઆઇ કે.આર. ડાભી અને તેમની ટીમે આજે છટકુ ગોઠવ્યું હતું. સહયોગ સંકુલ પાસે આવેલી સખીમંડળ ચા ની કેન્ટીન પાસે છટકુ ગોઠવીને રૂ.૩૫૦૦ની લાંચ સ્વીકારતા સબ એકાઉન્ટન્ટ જીગ્નેશભાઈ ખોડીદાસ પરમાર ને એસીબીની ટીમે રંગે હાથ ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તેની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

લાયોનેસ કલબ દ્વારા શાકમાર્કેટ ખાતે કપડાની થેલીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૮

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થય સંઘના સહયોગથી સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે પ્લાસટીક વિરોધી અભિયાન અંતર્ગત ૪૫૦ જેટલી કાપડની થેલીઓ શહેરના મેયરના હસ્તે નાગરીકોને આપવામાં આવી હતી. તેમજ નાગરીકોને

મોબાઈલથી પણ ઓછા વજનની થેલી સાથે રાખવા માટે અનુરોધ કર્યો હતો. જયારે આ કાપડની થેલીઓ લાયોનેસ કલબ દ્વારા નારી સંરક્ષણ ગૃહની બહેનોને તાલિમ મળે અને પગભર થાય તેવા ઉમદા હેતુથી શિખવાડીને સિવડાવવામાં આવી હતી. જુની ચાદર, સાડી, દુપટ્ટા, વગેરેનો ઉપયોગ કરી બહેનોએ થેલીઓ સીવી હતી. ઉપરાંત લાયોનેસ પ્રમુખ ડિમ્પલ દેસાઈ, મંત્રી પ્રિતિબેન શર્મા, પ્રોજેકટ ચેરમેન અંજલીબેન ભટ્ટ, રીટાબા સોલંકી, પ્રોજેકટના પ્રણેતા અને બંન્ને સંસ્થાના સભ્ય પલ્લવીબેન ગુપ્તે તેમજ નારી સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન તથા સંચાલક દક્ષાબેન, સંગીતાબેન તથા સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને આ પ્લાસ્ટીક વિરોધી અભિયાનમાં જોડાયા હતા.

કરાઈ કેનાલમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદના નરોડા ખાતે આવેલા ચામુંડા નગર વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય યુવાન અરવિંદભાઈ કનુભાઈ માજીરાણા ગઈકાલે બપોરર પોતાના ઘરેથી લાપતા થઈ ગયા હતા. ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર ચાલ્યા ગયેલા આ યુવાનની પરિવારજનો દ્વારા શોધખોળ ચાલી રહી હતી દરમિયાન આજે બપોરે કરાઈ નર્મદા કેનાલમાંથી લાપતા અરવિંદભાઈ નોતરતો મૃતદેહ મળી આવ્યો હતો. અપરણિત યુવાન અરવિંદભાઈએ કોઈ અગમ્ય કારણોસર કરાઈ કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. ઘટના અંગે ડભોડા પોલીસને જાણ થતા જમાદાર શકિતસિંહ તથા વિપુલભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

આનંદપૂર્વક જીવવાના કિમિયા શિખવાડતો 'મેઝીક ઓફ ગ્રેટીટયુડ' વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની કડી સર્વવિશ્વ વિદ્યાલય તથા રૉટરી કલબના સંયુકત ઉપક્રમે એક દિવસીય 'મેઝીક ઓફ ગ્રેટીટયુડ' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુંહતું. આ વર્કશોપ કેએસવીના સે-૧૫ ખાતેના કેમ્પસ સ્થિત મિકેનિકલ હૉલ ખાતે યોજાયો હતો.

આજના યુગમાં માનવીનું જીવન દોડધામભર્યું અને તણાવયુકત બની જવા પામ્યું છે. આ સંજોગોમાં દરેકે પોતાની જાતને ઓળખી કૃતજ્ઞતા ભાવ સાથે કેવી રીતે આનંદમય જીવન જીવવું અને સ્વાસ્થ્ય સમૃધ્ધિ અને સંબંધોમાં સુધાર લાવી જીવનમાં ખુશીઓ લાવવાની પધ્ધતિઓ અંગે 'મેઝીક ઓફ ગ્રેટીટયુડ' વર્કશોપમાં વિદ્યાર્થીઓને શિખવાડવામાં આવ્યું હતું. પૂણે સ્થિત રીશી ગુરુકુલમ સંસ્થાના સ્થાપક તથા શિક્ષણવિદ મનોજ લેખી આ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાની આંતરિક શકિતઓને ઓળખી રચનાત્મક, પ્રેરણાત્મક, હકારાત્મક તથા ઉત્સાહિત રહી ચોવીસે કલાક તમામ દિવસો આનંદ સાથે વિતાવતા વ્યકિતઓ કેવી રીતે જીવન જીવે છે તે સમજાવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ તથા રોટરી કલબના સભ્યો વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપના આયોજન માટે ડૉ. કેયુર શાહ અને સંચાલન માટે ડૉ. ધર્મેન્દ્ર પટેલે જહેમત ઉઠાવી હતી.

અક્ષર પર્વમાં માઈક્રોફિકશન વાર્તાની સાથે મુવી, મુશાયરો, મંચનના મહત્વની મહોર

ગાંધીનગર, તા.૧૮

અંતરની અનુભૂતિના અક્ષર ધ્વનિ સમાન અક્ષર પર્વનું આયોજન જિજ્ઞેન અધ્યારૂના દેખરેખ હેઠળ થયું હતું. તત્વમસી અને અકુપારના લેખક ધ્રુવ ભટ્ટે 'જડયું તે લખ્યું', જાણીતા વાર્તાકાર દિવાન ઠાકોરે 'પાત્રોની પરિકલ્પના', મીનાક્ષી ચંદારાણાએ 'પ્લોટ કયાંથી મળે?' અને હર્ષદ દવેએ 'વાર્તાનું એડિટીંગ અને સંક્ષેપ' પર પોતાના વકતવ્યો આપ્યા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યના યાદગાર પાત્રોમાં 'નર્મદા' મયુરિકા લેઉઆ, 'અમરતકાકી' સુષ્મા શેઠ, 'જુમો ભિસ્તી' અંકુર બેન્કર દ્વારા ભજવવામાં આવ્યા. અન્ય ચાર માઈક્રોફિકશનનું મંચન પણ કરવામાં આવ્યું.

સર્જન ગ્રુપના વાર્તાકારોએ પોતાની માઈક્રોફિકશન શરુ કરી હતી જયારે ડૉ. હાર્દિક યાજ્ઞિક દ્વારા ચાર વાર્તાનું ફિલ્માંકન કરવામાં આવ્યું જેની પ્રસ્તુતી આ કાર્યક્રમમાં કરવામાં આવી હતી.

સુંદર વાર્તાની પ્રસ્તુતી દિવ્યેશ સોડવાડીયા, સંજય ગુંદલાવકાર, ગોપાલ ખેતાણી, આલોક ચટ્ટ, જીજ્ઞેન કાનાબાર, મીરાં જોષી, સરલા સુતરીયા, વૈશાલી રાડીયા, હેતલ પરમાર, શૈલેષ પરમાર, ઝીલ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું હતું.

કાર્યક્રમના અંતિમ દોરમાં કાવ્ય મુશાયરો આયોજીત થયો હતો. જેમાં મીનાક્ષી દારાણા, સંજય થોરાત 'સ્વજન', હાર્દીક પંડયા, નીકુંજ ભટ્ટ, લીના વછરાજની, પારૂલ મહેતા, શીતલ ગઢવી 'રાગ', અશ્વીન ચંદારાણા વગેરેએ કાવ્ય પઠન કર્યું હતું. આ દરમિયાન માઈક્રોફિકશનના વિવિધ પાસાઓની ઉંડાણપૂર્વક ચર્ચા કરી બધાને વાર્તા લખવાની કળા શીખવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. નિલય પંડયા અને દર્શના દ્વારા કરવામાં આવ્યું હતું. અક્ષરપર્વમાં માઈક્રોફિકશન, મુવી, મુશાયરો અને મંચન એમ મહત્વની બાબતો પર સફળતાની મહોર લાગી હતી.

ચિરવિદાય

● સ્વ. હિરાબેન દેવીસિંહ ગઢવી, ઉ.વ. ૭૯